ગુજરાત સરકારના કર્મચારીઓ/ અધિકારીઓ/ પેન્શનરો માટે ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો,૨૦૧૫

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:એમએજી/૧૦૨૦૧૫/૬૦૧/ખ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખ-૦૮/૦૩/૨૦૧૬

<u>વંચાણે લીધો</u>:-

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક : એમએજી/૧૦૨૦૦૩/૨૭૧૨/અ (પા.ફા.)તારીખ-૨૪/૮/૨૦૧૫

(૨) હિસાબ અને તિજોરી નિયામકની કચેરી,ગુજરાત રાજ્ય, ગાંધીનગર નો તા.૦૭/૧૨/૧૫નો પત્ર ક્રમાંક:- હિતિનિ/ટીસી/ફા.નં.૧૩૪/૮૪/૧૪૧/૨૦૧૫/૫૭૪૭.

ઠરાવ:-

આ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલ ઉપર વંચાણે લીધા (૧) ના તા.૨૪/૦૮/૧૫ ના ઠરાવથી ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો,૨૦૧૫ અમલમાં આવેલ છે. આ નિયમો અમલમાં આવતા અનુભવે કેટલીક વહીવટી અને અર્થઘટનના પ્રશ્નો ઊભા થતા ગુજરાત પેન્શનર્સ એસોસિયેશન અને જુદા-જુદા જિલ્લા પેન્શનર્સ એસોસીયેશનની મળેલ રજૂઆત તેમજ તિજોરી અને હિસાબ નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના ઉપરોક્ત વંચાણે લીધા ક્રમાંક(૨) ના પત્રથી આ વિભાગને મળેલ રજૂઆત અન્વયે પ્રસ્તુત બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે આથી ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫માં નીચે મુજબના સુધારો/ઉમેરો કરવામાં આવે છે, તે મુજબ સંબંધિત નિયમો અમલી બનશે.

(૧) નિયમ-(૩.૧) પેન્શનરોના કિસ્સામાં સેમી.સ્પેશ્યલ વોર્ડ અને સ્પેશ્યલ વોર્ડ માટે તેમણે ચૂકવેલ નાણાનાં ૫૦ ટકા રકમ રીએમ્બર્સ કરવાપાત્ર થશે.

(૨) નિયમ-(૮) રાજ્ય સરકાર વખતોવખત ખાનગી,અર્ધ સરકારી સંસ્થા કે અન્ય બિન સરકારી હોસ્પિટલને તમામ પ્રકારની સારવાર અથવા તો કોઇ પણ એક કે એક થી વધુ રોગોની સારવાર (સ્પેશ્યાલીટી) માટે એમ્પેનલ કરવા માટે ધોરણો નક્કી કરી શકશે. હાલમાં "મા અમૃતમ" યોજનાની માન્ય હોસ્પિટલમાં માન્ય સારવાર માટે નક્કી કરેલ દરો મુજબ રીએમ્બર્સ મળવાપાત્ર થશે.

(૩) નિયમ-(૧૧.૧) (અ) સરકારી અને સરકારી સમકક્ષ હોસ્પિટલમાં મેળવેલ સારવારના બીલો નાણાકીય મર્યાદા વિના ઉપાડ અને ચુકવણી અધિકારીને(તિજોરી અધિકારી) મંજૂર કરવાની સત્તા રહેશે.

....૨......

(૪) નિયમ-(૧૧.૧)(બ.૧) કોઈપણ રોગની સારવારમાં રાજ્ય સરકાર દ્વારા માન્ય એમ્પેનલડ હોસ્પિટલમાં નિયત કરવામાં આવેલ પેકેજ પૈકીની સારવારમાં થયેલ ખર્ચના રીએમ્બર્સમેન્ટ માટે નીચે જણાવ્યા મુજબ નાણાકીય સત્તાઓ રહેશે.

રૂ.૨૫૦૦૦/- સુધી કચેરીના વડા.

રૂ.૧,૦૦,૦૦૦/-સુધી ખાતાના વડા.

રૂ.૨,૦૦,૦૦૦/- સુધી વિભાગના વડા.

(૫) નિયમ-(૧૧.૧)(બ.૨) પેન્શનરના કિસ્સામાં બિલ મંજૂર કરવાની તમામ સત્તા ઉપાડ અને વહેંચણી અધિકારી(તિજોરી અધિકારી)ની રહેશે.

(૬) નિયમ-(૧૫.૧) પરિશિષ્ટ-૨ મા "જેનેરીક" દવાઓને પ્રાથમિક્તા આપેલી છે તે મુજબનું કોલમમાં ઉમેરો કરી નવેસરથી પરિશિષ્ટ-૨ પ્રસિધ્ધ કરેલ છે અને હવે તે મુજબનું પરિશિષ્ટ-૨ અમલમાં ગણવાનું રહેશે. જેનેરીક દવા બાબતે તા.૩૦/૦૯/૧૬ સુધીમાં બજારમાં જેનેરીક દવાની યાદી અને ભાવ નક્કી થઈ ગયા બાદ તા.૦૧/૧૦/૧૬ થી જેનેરીક દવાઓના ભાવ પ્રમાણે દવાઓનું રીએમ્બર્સમેન્ટ અમલમાં આવશે. ત્યાં સુધી હાલમાં આ સુધારા મુજબની પદ્ધતિ અમલમાં રહેશે અને પરિશિષ્ટ-(૨-અ) હાલમાં રાખવાની જરૂરિયાત ન હોય તેને રદ કરવામાં આવે છે.

(૭) નિયમ-૧૬ (સ્પષ્ટતા-૧) અંદરના દર્દી તરીકે લીધેલ સારવારનો દાવો સારવાર પૂર્ણ થયાની તારીખથી છ માસમાં તથા બહારના દર્દી તરીકે લીધેલ સારવારનો દાવો છ માસની સમયમર્યાદામાં તેઓના સંબંધિત સક્ષમ અધિકારી/કચેરીમાં રજૂ થયેલ હોવો જોઇએ. વધુમાં વધુ છ માસના દાવા એક સાથે મંજૂર કરી શકાશે.

(૮) આ સુધારા મૂળ ઠરાવની તારીખથી એટલે કે તા.૨૪/૦૮/૧૫થી અમલમાં ગણાશે અને તે પ્રમાણે કર્મચારી/પેન્શનરોને રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર રહેશે.

આ ઠરાવ આ વિભાગની સમાનાંકી ફાઇલ પર નાણાં વિભાગની તા-૦૪/૦૩/૨૦૧૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.એલ.પટેલ)
નાયબ સચિવ,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
ગુજરાત સરકાર

વિઝાપુત્રઃ પરિશિષ્ટ-૨

નકલ રવાના:

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્રથી)
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સ્વર્ણિમ સંકુલ-૧, ૨ સચિવાલય, ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર